


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 13 ■ તા. 29-03-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

નોઈડા એરપોર્ટના ઉદ્ઘાટન સમયે બોલ્યા વડાપ્રધાન મોદી

# યુદ્ધના કારણે આખી દુનિયા પરેશાન, અફવાઓથી બચો




નોઈડા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે(૨૮ માર્ચ) ઉત્તરપ્રદેશના જેવરમાં નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું છે. આ એરપોર્ટ દિલ્હી-NCR વિસ્તારનું બીજું મોટું આંતરરાષ્ટ્રીય હવાઈ મથક બનશે, જેનાથી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર મુસાફરોનો વધતો જતો ભાર ઓછો કરવામાં મોટી મદદ મળશે.

કાર્યક્રમની વિગતો મુજબ, વડાપ્રધાને સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે વિધિવત રીતે તેનું લોકાર્પણ કર્યું હતું. ઉદ્ઘાટન બાદ પીએમ મોદીએ એક વિશાળ જનસભાને પણ સંબોધિત કરી હતી, જેમાં તેમણે આ પ્રોજેક્ટના મહત્ત્વ અને તેનાથી થનારા વિકાસના ફાયદાઓ વિશે વાત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રિમોટનું બટન દબાવીને જેવર એરપોર્ટનું પહેલા તબક્કાનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતાને કહ્યું કે, જેવર એરપોર્ટનું અસલી ઉદ્ઘાટન તમે લોકો કરો. તેમણે કહ્યું કે, મેં તો માત્ર પડદો હટાવ્યો છે. તમે લોકો જ ઉદ્ઘાટનના અસલી હકદાર છો. તમે મોબાઈલની લાઈટ કરીને ઉદ્ઘાટન કરો.

આ એરપોર્ટના પ્રથમ તબક્કાની ક્ષમતા વાર્ષિક અંદાજે ૧.૨ કરોડ મુસાફરોને હેન્ડલ કરવાની છે. જેવર એરપોર્ટ માત્ર મુસાફરી માટે જ નહીં પરંતુ કાર્ગો અને કનેક્ટિવિટીની દ્રષ્ટિએ પણ ઉત્તરપ્રદેશ અને આસપાસના રાજ્યો માટે ગેમ-ચેન્જર સાબિત થશે. ભવિષ્યમાં આ એરપોર્ટનો વધુ વિસ્તાર કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ મિડલ ઈસ્ટ અંગે કહ્યું કે, સરકાર એવા દરેક પગલાં ભરી રહી છે જેથી ખેડૂતો પર કોઈ બોજ ન પડે. ભારત મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ) સંકટનો મજબૂતીથી સામનો કરી રહ્યું છે. આજે આખી દુનિયા ચિંતામાં છે, મિડલ ઈસ્ટમાં છેલ્લા એક મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધના કારણે ઘણા દેશોમાં ખાવા-પીવાની વસ્તુઓ, પેટ્રોલ, ખાતર અને અન્ય જરૂરી ચીજવસ્તુઓનું સંકટ ઊભું થયું છે અને ભાવમાં ઘણો વધારો થયો છે. દરેક દેશ આ સંકટનો સામનો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આપણું ભારત પણ આ સ્થિતિથી પ્રભાવિત છે. ભારત ઘણું ખરું કાચું ઓઈલ એવા વિસ્તારોમાંથી આયાત કરે છે જે આ સંઘર્ષથી પ્રભાવિત છે. તેથી સરકાર દરેક શક્ય પગલાં લઈ રહી છે જેથી આ સંકટનો બોજ સામાન્ય જનતા પર ન પડે.

૧૪૦ કરોડ દેશવાસીઓ ખુબ મહેનત કરે અને વૈશ્વિક સંકટનો એકજુટ થઈને સામનો કરે. આપણે શાંત મનથી, ધીરજ અને એકતા રાખીને સાથે મળીને આ સંકટનો સામનો કરવાનો છે. આ સમગ્ર વિશ્વમાં મુશ્કેલી સર્જનારું સંકટ છે, આપણે પોતાના દેશની સૌથી વધુ ચિંતા કરવાની છે, અને એજ ભારતીયોની સૌથી મોટી તાકાત છે. દેશવાસીઓ મળીને આ પડકારનો સામનો કરી રહ્યા છે. લોકોને અફવાથી દૂર રહેવું જોઈએ.

આજે જ્યાં પણ મારી નજર પડી રહી છે, મને માત્ર યુવાનો જ દેખાઈ રહ્યા છે. કારણ કે યુવાનો જાણે છે કે જે કામ થઈ રહ્યું છે, તે ભવિષ્યને નવી દિશા અને નવી ઉડાન આપશે. આજે આપણે વિકસિત યુપી, વિકસિત ભારત અભિયાનના એક નવા અધ્યાયની શરૂઆત કરી રહ્યા છીએ. આજે ઉત્તરપ્રદેશ દેશનું સૌથી મોટું રાજ્ય હોવાની સાથે સાથે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધરાવતું રાજ્ય પણ બની ગયું છે.

દેશનો સૌથી મોટો પ્રદેશ હવે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધરાવતા રાજ્યોમાંનું એક બની ગયું છે. આજે તેમના માટે ગર્વ અને પ્રસન્નતાના બે કારણો છે. પહેલું, તેમને આ એરપોર્ટનું શિલાન્યાસ કરવાનું સૌભાગ્ય મળ્યું હતું અને હવે તેનું ઉદ્ઘાટન કરવાનું પણ સૌભાગ્ય મળ્યું છે. બીજું, જે ઉત્તરપ્રદેશે તેમને પોતાના પ્રતિનિધિ અને સાંસદ બનાવ્યા, તે જ ઉત્તરપ્રદેશની ઓળખ સાથે આ ભવ્ય એરપોર્ટનું નામ જોડાઈ ગયું છે.

પહેલા સપા સરકારમાં નોઈડાને માત્ર તેમની લૂંટનું છૂ્સ બનાવી દેવામાં આવ્યું હતું. પરંતુ આજે ભાજપની સરકારમાં તે જ નોઈડા ઉત્તરપ્રદેશના વિકાસનું સશક્ત એન્જિન બની રહ્યું છે. ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી આ એરપોર્ટ માત્ર ફાઈલોમાં જ દબાયેલું રહ્યું. ત્યારે સપા સરકારે આ પ્રોજેક્ટને આગળ વધવા દીધો નહોતો. પરંતુ જેવી અહીં ભાજપની સરકાર બની, તેનું શિલાન્યાસ થયું અને હવે આ એરપોર્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયું છે.

નોઈડાને પહેલા અંધશ્રદ્ધાના કારણે તેના હાલ પર છોડી દેવામાં આવ્યું હતું. પહેલાની સરકારો ખુરશી જવાની બીકે અહીં આવતા પણ ડરતી હતી. મને યાદ છે, જ્યારે અહીં સપા સરકાર હતી અને મેં નોઈડા આવવાનો કાર્યક્રમ બનાવ્યો, તો મુખ્યમંત્રી એટલા ડરેલા હતા કે તેઓ તે કાર્યક્રમમાં આવ્યા નહોતા. મને પણ ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને કહેવામાં આવ્યું, ''નોઈડા ન જાઓ, મોદીજી, હમણાં જ વડાપ્રધાન બન્યા છો.'' પરંતુ મેં કહ્યું, ''હું તે ધરતીના આશીર્વાદ લેવા જઈ રહ્યો છું, જે મને લાંબા સમય સુધી સેવા કરવાની તક આપશે.'' આજે તે જ વિસ્તાર આખી દુનિયાનું સ્વાગત કરવા તૈયાર છે અને આ સમગ્ર ક્ષેત્ર આત્મનિર્ભર ભારતના સંકલ્પને સશક્ત કરી રહ્યું છે.

કોઈપણ દેશમાં એરપોર્ટ માત્ર એક સામાન્ય સુવિધા નથી હોતી, પરંતુ તે પ્રગતિને નવી ઉડાન પણ આપે છે. વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં માત્ર ૭૪ એરપોર્ટ હતા, પરંતુ આજે તેમની સંખ્યા ૧૬૦ થી પણ વધુ થઈ ગઈ છે. હવે હવાઈ કનેક્ટિવિટી માત્ર મહાનગરો સુધી સીમિત નથી રહી, પરંતુ દેશના નાના-નાના શહેરો સુધી પણ પહોંચી રહી છે.

પહેલાની સરકારો માનતી હતી કે હવાઈ મુસાફરી માત્ર અમીરો માટે હોવી જોઈએ, પરંતુ ભાજપ સરકારે તેને સામાન્ય ભારતીયો માટે પણ સરળ અને સુલભ બનાવી દીધી છે.

## શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર હિમપ્રપાતને કારણે ૭નાં મોત



લદાખ,

જમ્મુ-કાશ્મીરમાં શુક્રવારે શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર અનેક સ્થળોએ હિમપ્રપાત થવાને કારણે વાહનો તેની ઝપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં એક બાળક અને બે મહિલાઓ સહિત સાત લોકોનાં મોત થયા છે, અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીર અને લદાખને જોડતા નેશનલ હાઈવે પર ઝોજિલા પાસ પાસે 'ઝીરો પોઈન્ટ' અને 'મિનિમાર્ગ' વચ્ચેના વિસ્તારમાં આ હિમપ્રપાત થયો હતો. બપોરના સમયે વાહનો આ ઊંચાઈવાળા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક બરફના મોટા જથ્થા નીચે ધસી આવ્યા હતા, જેમાં અનેક વાહનો દટાઈ ગયા હતા. ઘટના બાદ તરત જ વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ગંદરબલના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ખલીલ પોસવાલે જણાવ્યું કે ત્રણ વાહનો હિમપ્રપાતની ઝપેટમાં આવ્યા હતા. જોકે બચાવ ટીમ પહોંચી ગઈ છે અને તેણે કામગીરી આરંભીને ફસાયેલાઓને બચાવી લેવા પ્રયાસો હાથ ધર્યા છે. લદાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ જણાવ્યું હતું કે તેમણે સ્થાનિક સત્તાધીશોને તાત્કાલિક પગલાં લેવા સૂચના આપી છે. તેમણે 'X' પર એક પોસ્ટમાં તેમણે હતું કે, ''જોજી લા ખાતે હિમપ્રપાતના દુર્ભાગ્યપૂર્ણ સમાચાર મળ્યા છે. મેં કારગિલના DC અને SSPને તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લેવા અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરવા નિર્દેશ આપ્યો છે. આપત્તિ રાહત દળો અને BRO સહિતની તમામ સરકારી એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. હું વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું.''

## ઈરાન અને હિઝબુલ્લાહ બાદ યુદ્ધમાં યમનની પણ એન્ટ્રી!

કિવ,

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું સૈન્ય સંઘર્ષ હવે ખતરનાક રીતે વકરી રહ્યો છે. આ જંગમાં હવે યમનના ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓની એન્ટ્રી થઈ છે. શનિવારે વહેલી સવારે હૂતીઓએ દક્ષિણ ઈઝરાયલને નિશાન બનાવીને બેલેસ્ટિક મિસાઈલ હુમલો કર્યો હતો, જેના કારણે સમગ્ર ઈઝરાયલમાં હાઈ-એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.ઈઝરાયલી મીડિયાના અહેવાલો મુજબ, યમનથી છોડાયેલી મિસાઈલને કારણે દક્ષિણ ઈઝરાયલના બીરશેબા શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં જોરદાર સાયરન વાગવા લાગ્યા હતા. સૌથી ગંભીર બાબત એ છે કે ઈઝરાયલનું મુખ્ય પરમાણુ અનુસંધાન કેન્દ્ર પણ આ વિસ્તારની નજીક આવેલું છે, જેને કારણે પરમાણુ સુરક્ષાને લઈને ચિંતાઓ વધી ગઈ છે.હૂતીઓનો પ્રથમ સીધો પ્રહારવર્તમાન સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધી હૂતીઓ મુખ્યત્ત્વે રાતા સમુદ્રમાં જહાજોને નિશાન બનાવતા હતા, પરંતુ ઈઝરાયલની જમીન પર સીધો બેલેસ્ટિક મિસાઈલ હુમલો કરવાની આ પ્રથમ ઘટના છે. ઈઝરાયલી સેના એ પુષ્ટિ કરી છે કે તેઓએ યમનથી આવી રહેલી મિસાઈલની ઓળખ કરી લીધી છે અને તેને તોડી પાડવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.શનિવારે માત્ર યમન જ નહીં, પણ ઈરાન અને લેબનોન તરફથી હિઝબુલ્લાહ દ્વારા પણ ઈઝરાયલ પર સતત હુમલા કરવામાં આવ્યા હતા. પૂરી રાત ઈઝરાયલના આકાશમાં મિસાઈલો અને ડ્રોન જોવા મળ્યા હતા.

ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમ આ હુમલાઓને રોકવા માટે સતત કાર્યરત છે.બીજી તરફ, અમેરિકાએ પણ આ ઘટનાને ગંભીરતાથી લીધી છે. અમેરિકન ઉપરાષ્ટ્રપતિએ ઈઝરાયલના વડાપ્રધાન સાથે વાતચીત કરી છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જોકે, હૂતીઓની આ એન્ટ્રી બાદ અમેરિકા હવે યમન સ્થિત હૂતીઓના ઠેકાણાઓ પર ફરીથી મોટા પાયે બોમ્બમારો કરે તેવી શક્યતા છે.

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા એક જહાજ પર હુમલો

તેહરાન,

મધ્ય પૂર્વમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવથી કોઈ અજાણ નથી. આ સંઘર્ષને કારણે મિસાઈલ હુમલાના વીડિયો રોજ વાયરલ થતા રહે છે. આ દરમિયાન, મધ્ય પૂર્વમાંથી એક વીડિયો સામે આવ્યો છે જેણે સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવ્યો છે.એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે હોર્મુઝની સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા એક જહાજને મિસાઈલનો સામનો કરવો પડ્યો હતો, ત્યારબાદ તેમાંથી ધુમાડા નિકળતા જોવા મળ્યા હતા. આ વીડિયો સામે આવતાની સાથે જ, ડર, ચર્ચા અને રાજકીય તણાવ વધી ગયું છે. લોકો તે પ્રદેશમાં વધતા તણાવ સાથે જોડી રહ્યા છે અને અલગ અલગ રિએક્શન આપી રહ્યા છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ પોસ્ટ મુજબ, એક જહાજ હોર્મુઝની સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે જહાજ ઈરાનની પરવાનગી વિના હોર્મુઝની સ્ટ્રેટ પાર કરી રહ્યું હતું. ઈરાને જહાજ પર મિસાઈલ છોડી, જેના કારણે તે ધુમાડામાં ડૂબી ગયું. વીડિયોમાં ધુમાડો પણ દેખાય છે.એવો પણ દાવો કરવામાં આવી રહ્યો હતો કે ઈરાને અગાઉ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજને ચેતવણી આપી હતી, પરંતુ તેમ છતાં, જહાજ પસાર થવાનો પ્રયાસ કર્યો, ત્યારબાદ ઈરાને જહાજ પર મિસાઈલ હુમલો કર્યો. વાયરલ ક્લિપમાં જહાજ પરના હુમલાથી સમુદ્રમાં ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળે છે, જે બાદ વિવિધ દાવાઓ થયા છે.વીડિયો સામે આવતાની સાથે જ યુઝર્સ ચિંતા અને આશ્ચર્ય વ્યક્ત કરવા લાગ્યા. એક યુઝરે ટિપ્પણી કરી કે, ×સાચું કહું તો, હું ઈરાનથી ડરું છું,× જ્યારે બીજાએ ટિપ્પણી કરી, ×ઈરાન પોતાની શક્તિ બતાવવામાં કોઈ કસર છોડી રહ્યું નથી.




વધે ઘટે તેને કરે બરાબર સૌની લે સંભાળ, ધણી તો ધીરાનો રે. દૈવી શક્તિ પર ભરોસાની આપણી ભાવના, સંત કવિઓએ સમાજ જીવનમાં આવતા સંઘર્ષોમાંથી પાર ઉતરવા ખૂબીથી નિભાવી છે. પ્રચંડ આપત્તિઓમાં, જીવનના તમામ સ્તરે શ્રદ્ધા જ આપણામાં શક્તિ પ્રગટાવે છે. આપણું બ્રહ્માંડ એટલે અજર અમર અવિનાશી શક્તિઓનો મેળો છે. પૂરક કે વિધ્વંસક આ યાત્રામાં, સમતોલન સધાશે. એ શ્રદ્ધા જ આપણી ઉજાશી બને છે. વિધાતાના આ મેળામાં, સૌ પોતપોતાની મસ્તીથી અદ્ભુત રીતે મહાલે છે. કુદરતનાં તાંડવ કે સંસ્કૃતિની વિટંબણાઓ ઝેલતા અનુભવ સાથે એક આશા બંધાય છે કે વિપત્તિ આવી છે, તો જતી પણ રહેશે. શ્રદ્ધાના સહારે આદરેલો પુરુષાર્થ તપ બને છે. આ સાધના આપણને જટીલ સમસ્યામાંથી બહાર લાવવા કે પછી નિરાકરણની ચાવીની ભૂમિકા ભજવવા સહાય કરે છે. જીવનના વિવિધ સ્તરે પ્રગટતી આ શ્રદ્ધા શક્તિનું તપ બ્રહ્મના સત્ ના અહેસાસનું સોપાન બની જાય છે. શ્રદ્ધા શબ્દના મૂળને ઓળખીએ તો ધારણ કરનારી શક્તિ છે. 'શ્રત' અને 'ધા' ધાતુથી બને છે. શ્રત્ એટલે માનવું, વિશ્વાસ રાખવો અને 'ધા' ધાતુનો અર્થ 'ધારણ કરવું' એવો છે, એટલે એ ધારણ કરનારી શક્તિ છે. 'જીવન શ્રદ્ધા, જીવન સત્ય, એટલે આ ચેતના પર આપણો નિત્ય વિશ્વાસ.

પ. પૂ. આત્મજ્ઞાની દાદાશ્રીના સત્સંગમાં, પણ શ્રદ્ધાની વાત સુપેરે ઝીલાતી..પૂર્યા શ્રદ્ધાથી અમે પથ્થરમાં પ્રાણ, ગાયાં અમે સંસારે ગીતાનાં જ્ઞાન. તત્ત્વચિંતનની શક્તિ માનવને સૌમાં શ્રેષ્ઠ બનાવે છે. પ્રશ્ન થતો કે, મૂર્તિમાં ભગવાન છે?પ.તો દર્શન કેવી રીતે કરાય? પૂ. દાદાશ્રી સહજ રીતે સમજાવતા,''મૂર્તિ એ ભગવાન નથી, તમારી શ્રદ્ધા જ ભગવાન છે. ભાવથી દર્શન કરો. આને આપણે પરોક્ષ ભક્તિ કહીએ છીએ. વિષમ પરિસ્થિતિમાં સમતા રહે ને ધીરે ધીરે ઉર્ધ્વગતિ થાય. આત્મકલ્યાણનો માર્ગ, આ શ્રદ્ધાના સથવારે પ્રાપ્ય થાય, સિદ્ધ થાય,આમ શ્રદ્ધા તો ઋતની પ્રથમ પુત્રી અને વિશ્વનું ભરણપોષણ કરનારી છે. શંકા કુશંકા એ વિનાશ કે અસ્થિરતા સર્જે, શ્રદ્ધા થકી જ બહાર નીકળાય..માનવજીવન સાત્વિક, રાજસી અને તામસી ત્રણ પ્રકારની શ્રદ્ધા સાથે વહેતું રહે છે. જેવી શ્રદ્ધા તેવો તે માનવી. ઋષિચિંતન એવું દર્શન આપે છે કે બ્રહ્મતત્વ સત્ય છે. સત્યનો ઉજાસ શ્રદ્ધા હોય તો જ પ્રાપ્ત થાય. અંદર બહાર અનંતા વિસ્તરતી, છે શ્રદ્ધાપૂરક વિશ્વાસી. જ્યોતિશ્રદ્ધા થકી સંદેહનો નાશ થતાં, પુરુષાર્થ વ્રત કે નિયમથી, 'ભગવદ્ગીતા'માં કહ્યું છે તેમ શ્રદ્ધાવાનને જ જ્ઞાન માર્ગે સિદ્ધિ વરે છે.

-રમેશ પટેલ ''આકાશદીપ''
કોરોના, કેલિફોર્નિયા (અમેરિકા)

22-03-2026_12 Jan Fariyad_New_P-1

# યુદ્ધને પગલે નિકાસ અટકતાં સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં કાપડનો ભરાવો

સુરત,

યુદ્ધની સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસના માર્ગો અવરોધાતા સુરતના કાપડ બજારમાં ભારે મંદીનો માહોલ છવાયો છે. ખાસ કરીને યુરોપ અને ગલ્ફ દેશોમાં થતી મોટાપાયે નિકાસ હાલ અટકી પડી છે અને ઓર્ડર્સમાં પણ ખૂબ મોટો ઘટાડો નોંધાયો છે. આ પરિસ્થિતિને કારણે સુરતના વેપારીઓ પાસે તૈયાર કાપડનો સ્ટોક સતત વધી રહ્યો છે. આ સ્થિતીમાં અનેક ઉદ્યોગકારોએ ઉત્પાદનમાં કાપ મૂકવાની ફરજ પડી છે. નવી પ્રોડક્શન સાયકલ ખોરવાતા આખા ઉદ્યોગમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.સાઉથ ગુજરાત પ્રોસેસર્સ એસોસિએશનના જીતુભાઈ વખારિયા કહે છે કે, બીજી તરફ, યુદ્ધને કારણે ઉર્જા અને કાચા માલના ભાવમાં થયેલા તોતિંગ વધારાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. યાર્ન, કલર-કેમિકલ અને કોલસા જેવી જીવનજરૂરી ચીજો મોંઘી થતા ઉત્પાદન ખર્ચમાં ધરખમ વધારો થયો છે.

પેટ્રોલિયમ પેદાશોના ભાવ વધવાથી ટ્રાન્સપોર્ટેશન પણ મોંઘું પડ્યું છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ચીન કે અન્ય સ્પર્ધક દેશો સામે ટકી રહેવું મુશ્કેલ બન્યું છે. શિપમેન્ટમાં થઈ રહેલા વિલંબ અને સમયસર ડિલિવરી ન થવાને કારણે પેમેન્ટ પણ અટવાયા છે, જેની સૌથી વધુ માઠી અસર નાના અને મધ્યમ કદના એકમો પર પડી રહી છે. હાલમાં સુરતના કાપડ વેપારીઓ આ સંકટમાંથી ઉગરવા માટે સરકાર પાસે વિશેષ રાહત પેકેજની માંગ કરી રહ્યા છે.

સચિન જીઆઈડીસી સોસાયટીના સેક્રેટરી મયુર ગોળવાળા કહે છે કે, કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા વિવરથી માંડીને વેપારી સુધીના તમામ ચારેબાજુથી ભીંસમાં મૂકાયા છે. સમય ઘણો જ પડકારજનક છે. પેમેન્ટની સાયકલ પણ ૧૪૦ દિવસની કરી દેવાઈ છે. આવા સંજોગોમાં નાના વિવરની હાલત સૌથી વધારે કફોડી થઈ છે.

# ગુજરાતમાં ખાતર,ગેસ અને પેટ્રોલ-ડીઝલનો પૂરતો સ્ટોક : હર્ષ સંઘવી

ગાંધીનગર,

ઈરાન યુદ્ધને કારણે વિશ્વના અનેક દેશો જાણે થંભી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. વિશ્વમાં નવા પ્રકારના એનર્જિ લોકડાઉનનો ડર લાગી રહ્યો છે. આ વચ્ચે શું દેશમાં ફરી લોકડાઉન લાગશે તેવી ભીતિ સતાવી રહી છે. ત્યારે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકડાઉન અંગે મોટું નિવેદન આપ્યું છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે પત્રકાર પરિષદમાં લોકડાઉન વિશે કહ્યું કે, સામાન્ય નાગરિકોએ અફવાથી ડરવાની જરૂર નથી. રાજ્ય સરકાર દ્વારા બધી જ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી કક્ષાએ આ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે સમાજે આ પ્રકારના લોકો જે અફવા ફેલાવો તેઓને બોયકોટ કરવા જોઈએ. લોકડાઉનના વિષયની અફવાઓ ધ્યાન પર લેવા જેવા નથી. જે લોકો whatsapp અને ફોરવર્ડ કરે છે તેઓની માહિતી પોલીસને આપવી જોઈએ કે આવા લોકો સમાજમાં ડર ફેલાવો સફળ ન થાય.

તેઓએ કહ્યું કે, રાજ્યના સૌ નાગરિકોને એલપીજી પેટ્રોલ ડીઝલ અન્ય જરૂરી ચીજ વસ્તુઓ ખાતર આજની પરિસ્થિતિ અને આવનાર દિવસોની સપ્લાયની વ્યવસ્થાઓ વધારે સરળતાથી મળી રહે મુખ્યમંત્રીએ વિભાગના વડાઓને સૂચના આપી છે. પાંચ દિવસ પહેલા પેટ્રોલ ડીઝલની અફવાઓને કારણે હેરાન થયા હતા. તેના કારણે સૂચનાઓ આપવામાં આવી છે અને અફવાઓ ફેલાવનારને કડકમાં કડક પગલાં ભરવામાં આવે. તંત્ર દ્વારા જરૂરી સૂચનો નાગરિકોને સીધી માહિતી આપવામાં આવ્યા છે. આ પ્રકારની કોઈ પણ આપવાના મેસેજ આવે તો સરકારી વિભાગમાં જાણકારી મેળવો. ધક્કા કે લાઈનમાં ઊભા રહેવાની જરૂર ન નથી.

હર્ષ સંઘવીએ કહ્યું કે, રાજ્ય સરકાર પાસે પૂરતી વ્યવસ્થા છે એટલે કોઈ અવ્યવસ્થા નહિ સર્જાય. આવી અફવાઓથી દૂર રહીને સહયોગ આપવો પડશે. ભારતમાં કેન્દ્ર સરકારે તમામ વ્યવસ્થાઓ કરી છે. પીએનજી કનેક્શનને અગ્રતા આપવા માટે પ્રયાસ કરવામાં આવી

## મહાયુદ્ધ તથા પાણી ઉપર યુદ્ધથી વિશ્વમાં આર્થિક મંદી

**YOGGI ASTROLOGY**ના અંક ૧૭૭ માં આપ સૌનું સ્વાગત છે. મારા જાન્યુઆરીના પહેલા અંકમાં લખ્યું હતું કે ટ્રંપની એક એવી ભૂલથી પૂરા વિશ્વમાં આર્થિક મંદી તથા ભયાનક પરિસ્થિતિ બનશે. આજે તે સત્ય થઈ ચૂક્યું છે. વારંવાર મારા લેખમાં લખ્યું હતું કે, ન્યુક્લિયર પાવર લીકેજ અથવા તો તેના ઉપર હુમલો થાય તે વાત પણ સત્ય થઈ છે. આજે શક્તિશાળી દેશ ઈઝરાયેલના ન્યુક્લિયર પાવર પર એટેક કરવો એ મુશ્કેલી વાળો છે પરંતુ ગ્રહો તેનું કાર્ય કરતાં જતા હોય છે. રાહુ શતભિષા નક્ષત્રમાં રહેશે ત્યાં સુધી ન્યુક્લિયર ઉપર એક ખતરો બની રહેશે. આ યુદ્ધ ઈરાન-અમેરિકા-ઈઝરાયલ વચ્ચે હતું, પરંતુ આ યુદ્ધ સીરિયા, કતાર, દુબઈ, ઈરાક, કુવૈત, સાઉદીઅરેબિયા, બહેરીન, સાયપ્રસ, યમન ઉપર પણ હુમલો ઈરાન કરી રહ્યું છે.

છેલ્લા ઘણા વખતથી સૂર્ય-મંગળની યુતિ ગોચર ચાલતી રહી છે. જે યુતિ આગળ પણ જશે. હાલ ગોચરમાં કુંભ રાશિમાં મંગળ-રાહુની યુતિ થઈ છે. જ્યારે મીન રાશિમાં સૂર્ય-શુક્ર-શનિ-નેપ્ચ્યુનની યુતિ બની છે. મીન રાશિ એટલે કે જલીયરાશિમાં શનિ-નેપ્ચ્યુનની યુતિ પાણીથી થતી આપત્તિ જોવા મળશે. કમોસમી વરસાદ, પાણી ઉપર યુદ્ધ કે હાલ પાણી માર્ગ માટે યુદ્ધ થઈ રહ્યું છે. ઈરાન પાસે હોર્મુઝ પાસે જે દુનિયાની ઓઈલ સપ્લાય માટે માર્ગ ઉપયોગ થતો હતો, તે આજે બંધ પડ્યો છે. જે પણ બતાવે છે પાણી ઉપર યુદ્ધ. જે મારા ફેબ્રુઆરીના અંકમાં લખ્યું હતું જે પણ વાત સત્ય થઈ રહી છે. હાલ રાહુ-મંગળની યુતિ અંગારક યોગ બનાવે છે તેથી તમે જોયું છે કે યુદ્ધમાં તેજીથી એટેક (ભયાનક હુમલો) થઈ રહ્યા છે.

આજે ઈરાનને રશિયા તથા ચીન પાછળથી મદદ કરી રહ્યું છે. જ્યારે મીન રાશિમાં સૂર્ય પસાર થઈને ગુરુ-સૂર્ય કર્ક રાશિમાં યુતિ કરશે ત્યારે ભારત-રશિયા વચ્ચે કોઈ મોટી સંધિ થશે, તેનાથી વિશ્વમાં ભારતનો ભાર વધશે. રશિયા-યુક્રેન યુદ્ધમાં યુક્રેનને અમેરિકા તથા નાટોના દેશ મદદ કરતા હતા, તેવી જ રીતે અમેરિકા-ઈરાનનાં યુદ્ધમાં રશિયા-ચીન અંદરખાને મદદ કરી રહ્યા છે. મંગળ ૨ એપ્રિલ ૨૦૨૬નાં રોજ મીન રાશિમાં સૂર્ય-મંગળની યુતિ બનાવશે, આજથી મંગળ ગ્રહ યુતિ, ત્યારબાદ સૂર્ય-મંગળની યુતિ થવાથી નવા યુદ્ધ મોરચા બનશે. તેમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તુર્કી, ભૂતાન, ઈટાલી, અરેબિયા, જાપાન, કઝાકિસ્તાન, લેબનાન, થાઈલેન્ડ, આ ઉપરાંત નોર્થકોરિયાની પણ ઈદ્દઈરૂ થતી જોવા મળશે. ફ્રાન્સ પણ જોડાશે. આવું કારણ રાહુ શતભિષા નક્ષત્રમાં તથા મંગળ ગોચરમાં અસ્ત ચાલી રહ્યો છે. અહીં કેતુ સિંહ રાશિમાં છે. ૨૮ માર્ચ થી ૫ ડિસેમ્બર મઘા નક્ષત્રમાં રહેશે. આમ જોતાં જ્યારે કેતુ સિંહ રાશિમાં હોવાથી કોઈપણના રાજા માટે જાનનું જોખમ વધતું જોવા મળશે. કેતુ એ ઘમંડનું નિશાન છે, આથી ટ્રંપનાઘમંડથી અમેરિકા તૂટશે. આમ થવાથી અમેરિકાના ઘણા રાજ્યોમાં ભયાનક વિદ્રોહ થવાથી અમેરિકાના ટુકડા થતાં જોવા મળશે. કેતુ પોતાના નક્ષત્ર મઘામાંઆવવાથી તે શક્તિશાળી બને છે. આમ મોદીની કુંડળીમાંદશમે કેતુ બેઠો છે, જ્યારથી કેતુ સિંહ રાશિમાં આવ્યો ત્યારથી મોદી માટે એવી ઘણી વખત વાત થતી રહી છે, ગમે ત્યારે સત્તા ત્યાગે. આમ જોતાં ૨૮ માર્ચ થી ૫ ડિસેમ્બર સુધી મોદી માટે સંઘર્ષભર્યો સમય રહેશે. તેને સત્તા ઉપરથી ઉતારવા ઘણા પ્રયત્નો કરશે. મે થી ઓક્ટોબર દરમ્યાન તેમની દશા મંગળ-કેતુની શરૂ થવાની છે, તો તેમના ઉપર કોઈ હુમલો કરે તેવી સંભાવના થાય છે અથવા અકસ્માતમાં ઈજાના યોગ બને છે. જ્યારે ભારતની વૃષભ લગ્નની કુંડળીમાંચોથે કેતુ હોવાથી પ્લેનનાં અકસ્માત થતાં જોવા મળશે. કેતુ એ ગુપ્ત રોગ બતાવે છે, આથી કેતુ દ્વારા ફરીથી કોઈ જીવલેણ બિમારી વિશ્વમાં જોવા મળે અથવા તો યુદ્ધ બાયો-કેમિકલનાંઉપયોગથી બિમારી આવે. આવી ઘટના **WORLD-WAR**માં થઈ હતી, તે ઘટના બનશે. ચોથા ભાવનો કેતુ એટલે જનતામાં આક્રોશ થતો જોવા મળશે. વિશ્વની કુંડળીમાં કેતુ પાંચમેઆવવાથી વિશ્વમાં મંદી થતી જોવા મળશે.

મારા ઘણા લેખમાં લખ્યું હતું કે, હવે પાણી ઉપર યુદ્ધ થશે, તે આજે ન્યુઝમાં જોઈ રહ્યા છો, જેમાં ટ્રંપે ૪૮ કલાક ઈરાનને આપ્યા છે. સ્ટેટ ઓફ હોર્મુઝ ઈરાન ખાલી કરે તે વસ્તુ બનવાની નથી. ઓસ્ટ્રેલિયા, **U.K.** પોતાની સબમરીન પાણીમાં ઉતારી દીધી છે. આ ઉપરથી સમય આવી ગયો છે જેની સતત ચિંતા હતી.

જ્યારે અમેરિકાએ ઈરાન ઉપર તેહરાન ઉપર ૨૮ ફેબ્રુઆરીના રોજ પહેલો હુમલો કર્યો તેની કુંડળી જોતા કુંભ લગ્નની કુંડળી બને છે, લગ્નમાં રાહુ-મંગળ, શુક્ર-બુધ, સૂર્ય પંચગ્રહી યુતિ હતી. તેમાં ઈરાનની કુંડળી કર્ક લગ્નની બને છે. જે દિવસે અમેરિકાએ હુમલો કર્યો ત્યારે ઈરાન હુમલાવાળીકુંડળીમાં કર્ક ચંદ્ર છઠ્ઠે બેઠો છે, જ્યારે ઈરાનનીકુંડળીમાં ચંદ્ર ઉચ્ચનો બેઠો છે. ભાગ્ય સ્થાનમાં ગુરુ ઉચ્ચનો લગ્નમાં બેઠો છે. ઈરાનની કુંડળી પંચમેશ તથા કર્મેશ મંગળ ભાગ્ય સ્થાનમાં સૂર્ય-બુધ સાથે બેઠો છે. આથી હાલ મંગળ-રાહુ સાથે છે, જ્યારે ૨ એપ્રિલથી સૂર્ય-મંગળ સાથે થશે ત્યારે ઈરાન ઈઝરાયલ માટે ઘાતક સાબિત બનશે. આથી અમેરિકાએપીછેહઠ કરવી પડશે. પરંતુ તે સમયે અમેરિકા ઈઝરાયલે ઘણું બધું ગુમાવી દીધું હશે. કદાચ પોતાના નેતા પણ ગુમાવી દેશે. આ વાત ટ્રંપ માટે સારી રહેશે નહીં. આથી ઈન્ટરનેશનલ / વિશ્વમાં ટ્રંપની છબી ખરાબ જલ્લાદ જેવી થઈ જશે. વિશ્વમાં લોકો વિદ્રોહ કરતા જોવા મળશે. અમેરિકામાં એપ્રિલ મહિનામાં લૂંટફાટ, ગન ઘટના, ચોરી, આ ઉપરાંત આગજની ઘટના, બોમ્બબ્લાસ્ટ, જંગલમાં આગ, આ ઉપરાંત કુદરતી આપત્તિ, આ બધી વસ્તુથી અમેરિકામાં મંદીનું વાતાવરણ બનશે.

ઈઝરાયેલની કન્યા લગ્નની કુંડળી, કર્ક, ચંદ્ર-શની, પરંતુ ગોચર પ્રમાણે સાતમાં ઘરમાં શનિ-મંગળ બેઠા છે. આમ છઠ્ઠાનો (શત્રુ) સ્વામી શનિ સાતમે તથા આઠમાંનો (મૃત્યુ) સ્વામી મંગળ સાતમે હોવાથી ઈઝરાયલ માટે ૨ એપ્રિલ સારો નહિ. જેની શરૂઆત થઈ ગઈ છે. ઈરાનેઈઝરાયેલનાં ન્યુક્લિયર પાવર પર એટેક કરી તેની કમર તોડી નાખી છે. આવનાર સમયમાં આરબ દેશો અમેરિકાને પોતાની જમીનના ઉપયોગ માટે ના પાડી દેશે. આ બધી વાત ઉપર અમેરિકાનું પતન જરૂરથી થશે. આ વાતમારા લેખમાં ૨૦૨૪થી કહેતો આવ્યો છું. ૨૨ માર્ચથીટ્રંપનીકેતુની દશા શરૂ થઈ છે. ૨ એપ્રિલથીટ્રંપ અને અમેરિકાની કુંડળીમાંઆઠમે યુતિ બને છે. અમેરિકાની રાહુની દશા ચાલે છે. ટ્રંપ તથા અમેરિકાની કુંડળીમાં રાહુ સાતમે બેઠો છે. ૨૨ માર્ચથી આવનાર ૪૫ દિવસ ટ્રંપ માટે શુભ રહેશે નહિ, આથી કંઈ પણ બની શકે તેવા ગ્રહો બતાવી રહ્યા છે.

ગોચરમાં રાહુ-બુધ હોવાથી મારા અગાઉ લેખમાં લખ્યું હતું, તેમાં બેંકનું કૌભાંડ બહાર પડશે, તે હાલ ભારતમાં બેંકમાં થઈ રહ્યું છે. આ સમય દરમ્યાન સ્ટોકમાર્કેટ**Correction** થશે, તે પણ થઈ ગયું છે.

જૂન પછી ગોલ્ડની કિંમતમાં વધારો જોવા મળશે.

ભારતની મંગળની દશા હોવાથી ભારતમાં જમીનનો ભાવ આસમાને જશે.

વરસાદની સિઝન ટાઈમ પહેલા શરૂ થઈ જશે. ભારે વરસાદથી ઘણું નુકસાન થશે.

૨ એપ્રિલ પછી વિશ્વમાં આતંકવાદ ઘટના વધશે.

રશિયામાં, અલાસ્કામાં, નોર્થ-ઈસ્ટમાં ધરતીકંપ ૮-૯ ની તીવ્રતા થશે.

ભારતમાં મોદી સરકાર માટે મે-જૂન મહિનો ઘણો ખરાબ બને છે. સત્તા પરિવર્તનનાં યોગ બની રહ્યા છે.

સ્ટૉક માર્કેટ માટે હજી સમય ખરાબ રહેશે. આર્મી ઉપર આતંકવાદી હુમલાના યોગ બની રહ્યા છે.

આવનાર સમયમાં વિશ્વમાં તીવ્ર વાતાવરણ ગરમ રહેનારું છે, તો નમ્ર વિનંતી કે આવી વાતોમાં શાંતિનું માહોલ રાખશો. તમારા જીવનની સમસ્યા માટે જરૂરથી**Yoggi Astrology** ની મુલાકાત લેશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ છે. તમારી કુંડળી ઉપરથી જીવનમાં આવનારી સમસ્યાને દૂર કરવા અવશ્ય મુલાકાત લેશો. યોગ્ય ગ્રહ નિવારણ પૂજા, યોગ્ય ઉપાયથી સમસ્યા દૂર કરશો.

**Yogesh Gandhi**
**(MSc, B.Ed)**
**Yoggi Astrology**
**77 Mission Ridge TR**
**Brampton, ONT, CANADA**
**+1 647-286-3734**




Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

22-03-2026_12 Jan Fariyad_New_P-2